આદિજાતિ વિસ્તાર પેટાયોજના હેઠળ આવરી લેવાયેલ પોકેટસ અને કલસ્ટર્સ માટે તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના બાબત..

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને. અધિકારીતા (આ.વિ ) વિભાગ
ઠરાવ ક્રમાંક : ટીએપી-૨૦૦૨-મ૬૫-૫
સચિવાલય, ગાંધીનગર
તા: ૨૧/૦૫/૨૦૦૨

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ ) વિભાગ નો તા: ૨૪/૧/૨૦૦૨નો ઠ. ક્ર.એસએઆર/ ૨૦૦૧/૩૮૯/૫
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ ) વિભાગ નો તા: ૨૫/૨/૨૦૦૨નો ૫. ક્ર.એસએઆર/ ૨૦૦૧/૩૮૯/૫
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ ) વિભાગ નો તા: ૧૯/૪/૨૦૦૨નો સરખા નંબરનો સુધારા ઠરાવ.

ઠ રા વ :-

આમુખમાં ક્રમાંક :(૧) આગળ દર્શાવેલ તા: ૨૪/૧/૨૦૦૨ના સરકારી ઠરાવથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ તાલુકાઓમાં સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીના અધ્યક્ષસ્થાને તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ પોકેટસ અને કલસ્ટર્સ માટે કયાં પોકેટસ/ કલસ્ટર માટે નવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી અને કયા પોકેટ / કલસ્ટરનો સમાવેશ હાલની કંઇ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં કરવો તે અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી આ અંગે જરૂરી વિચારણા કર્યા બાદ આ સાથેના પરિશિષ્ટના કોલમ-૩માં દર્શાવેલ પોકેટ /કલસ્ટર માટે તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના બાબતે કોલમ-૪ મુજબ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે. એમ. વ્યાસ)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ ) વિભાગ

પ્રતિ,

* મહામહિમ રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,
* માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/ સચિવશ્રી,
* બધાજ માન. મંત્રીશ્રી/ રા.ક મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, / અંગત મદદનીશશ્રીઓ.
* માન. વિરોધ પક્ષના નેતાશ્રી, સચિવાલય, ગાંધીનગર
* માનનીય મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
* અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
* અગ્રસચિવશ્રી ,(આયોજન) સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય,
* ગુજરાત આદિજાતિ વિકાસ આયોજન બોર્ડના અધ્યક્ષશ્રી / ઉપાધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓ,
* સચિવાલયના સર્વે વહીવટી વિભાગો,
* કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ ,ગાંધીનગર
* નાયબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
* કાર્યપાલક નિયામકશ્રી,ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , ગાંધીનગર
* સર્વે ખાતાના વડાઓ
* સર્વે કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
* કાર્યવાહક સમિતિના અધ્યક્ષશ્રી / સર્વે સભ્યશ્રીઓ
* સર્વે પ્રાયોજના વહિવટદારશ્રીઓ/ નાયબ પ્રાયોજના વહીવંટદારશ્રીઓ/ પ્રોજેક્ટ ઓફિસર
* સર્વે કચેરીના વડાઓ
* સર્વે તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના સભ્યશ્રીઓ
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ
* વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ વિભાગની સર્વે શાખાઓ
* સિલેક્ટ ફાઇલ * પત્ર દ્વારા

પરિશિષ્ટ

આદિજાતિ વિસ્તારના પોકેટ / કલસ્ટર માટે નવી તાલુકા આદિજાતિ વિકાસ સમતિની રચના કરવી કે હાલની કોઇ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં સમાવેશ કરવો તે દર્શાવતુ પરિશિષ્ટ

| અ. નં | પ્રોજકેટનું નામ | પોકેટ/ કલસ્ટર | નવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી કે હાલની કોઇ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં સમાવેશ કરવો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ખેડબ્રહમા | ૧ ચોરીવાડ કલસ્ટર(તા. ઇડર-૭ ગામો તા. વડાલી-૨ ગામો ) | ભીલોડા તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં સમાવેશ કરવો |
| ૨ | ગોધરા (પંચમહાલ ) | ૧ મોરા પોકેટ<br>૨ ગોવિંદી પોકેટ<br>૩ કથોલા પોકેટ<br>૪ જાંબુઘોડા કલસ્ટર (૨૩ ગામો)<br>૫ કરોલી કલસ્ટર( ૩ગામો ) | નવી મોરવા (હડફ) તાલુકા આ.વિ.સમિતિની રચના કરવો<br>નવી ગોધરા,તા.આ.વિ.સમિતિની રચના કરવી<br>નવી હાલોલ તા.આ.વિ. સમિતિની રચના કરવા<br>નવી જાંબુઘોડા તા.આ.વિ. સમિતિની રચના કરવી<br>ઘોઘંબા તા.આ.વિ. સમિતિમાં સમાવેશ કરવો. |
| | | | સંતરામપુર તાલુકાનાજે ૧૦ ગામો શહેરા તાલુકામાં ગયા તેમનો સમાવેશ સંતરામપુર તાલુકા આ.વિ. સમિતિમાં કરવો<br>દેવગઢ બારીયાના જે ૫ ગામો ગોધરા તાલુકામાં ગયા તેમનો સમાવેશ ગોવિંદી પોકેટની ગોધરા તાલુકા . આદિજાતિ વિકાસ સમિતિમાં કરવો. |
| ૩ | છોટાઉદેપુર | ૧ વડેલી (૫૨ -ગામો )<br>૨ ભાટપુર (૬૧-ગામો ) | નવી સંખેડા તા. આ.વિ.સમિતિની રચના કરવી |
| ૪ | ભરુચ | ૧ અંકલેશ્વર પોકેટ(૩૮-ગામો)<br>૨ હાંસોટ પોકેટ(ઉત્રજ) (૧૩- ગામો )<br>૩ આમોદ માડા પોકેટ (૧૫-ગામો ) | નવી અંકલેશ્વર તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી<br>નવી આમોદ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |
| ૫ | માંડવી (સુરત) | ૧ કામરેજ પોકેટ (૬૦- ગામો )<br>૨ પલસાણા (૪૨-ગામો )<br>૩ વાંજ કલસ્ટર (૮-ગામો )<br>૪ ઓલપાડ (૩૮-ગામો ) | નવી કામરેજ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી<br>નવી પલસાણા તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી<br>નવી ઓલપાડ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |
| ૬ | વલસાડ | ૧ અટગામ પોકેટ (૪૩-ગામો )<br>૨ રોણવેલ પોકેટ (૩૦-ગામો ) | નવી વલસાડ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | વાંસદા (નવસારી ) | ૧ | રહેજ પોકેટ ( ૩૨-ગામો ) | નવી ગણદેવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |
| | | ૨ | સિસોદ્રા ગણેશ પોકેટ (૫૮-ગામો ) | નવી નવસારી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |
| | | ૩ | જલાલપોર પોકેટ (૧૭-ગામો ) | |
| ૮ | બનાસકાંઠા | ૧ | અમીર ગઢ ( ૫૧-ગામો ) | નવી અમીરગઢ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |
| | | ૨ | દાંતા (૧૨૩-ગામો ) | નવી દાંતા તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની રચના કરવી |
| | | ૩ | અમીરગઢ(૨- ગામો ) તાલુકો પાલનપુર | અમીરગઢ તાલુકાના ૨-ગામો જે. પાલનપુર તાલુકામાં ગયા છે તેનો સમાવેશ અમીરગઢ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં કરવો. |